અપીલ અરજી નં.૨૬૮ તા.૧૬–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૧૦–૦૯ ની અરજીથી વિહાર સોસાયટી વેડરોડનાં પ્લોટ નં.૧૭૪, નોંધ નં.૦૪૯૩, ટેના.નં.૧૯જી–૪૫–૧૭૪૧–૦–૦૦૦ ની નકલ તથા પ્લોટ નં.૧૮૫, નોંધ નં.૦૪૯૩ ટેના.નં.૧૯જી–૪૫–૧૯૧૧–૦–૦૦૧ ની કબ્જા રસીદની સંપૂર્ણ માહિતી નકલ સહી સિકકાવાળી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૬૮/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૧૦–૦૯ ની અરજીથી વિહાર સોસાયટી વેડરોડનાં પ્લોટ નં.૧૭૪, નોંધ નં.૦૪૯૩, ટેના.નં.૧૯જી–૪૫–૧૭૪૧–૦–૦૦૦ ની નકલ તથા પ્લોટ નં.૧૮૫, નોંધ નં.૦૪૯૩ ટેના.નં.૧૯જી–૪૫–૧૯૧૧–૦–૦૦૧ ની કબ્જા રસીદની સંપૂર્ણ માહિતી નકલ સહી સિકકાવાળી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનના પત્ર નં.એન.ઝેડ/એ.આર.ડી./૬૩૫ તા.૧૨–૧૧–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૦ તા.૨૧–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/એઆરડી/૬૭૮ તા.૩૦–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા અરજદારને નં.એન.ઝેડ/એઆરડી/૬૩૫ તા.૧૨–૧૧–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જે અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૫–૧૦–૦૯ ની અરજીથી વિહાર સોસાયટી વેડરોડનાં પ્લોટ નં.૧૭૪, નોંધ નં.૦૪૯૩, ટેના.નં.૧૯જી–૪૫–૧૭૪૧–૦–૦૦૦ ની નકલ તથા પ્લોટ નં.૧૮૫, નોંધ નં.૦૪૯૩ ટેના. નં. ૧૯જી–૪૫–૧૯ ૧૧–૦–૦૦૧ ની કબ્જા રસીદની સંપૂર્ણ માહીતી નકલ સહી સિકકાવાળી આપવા બાબતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/એઆરડી/૬૩૫ તા.૧૨–૧૧–૦૯ થી અરજદારને આકારણી અને વસુલાત વિભાગનો વર્ષોનો જુનો રેકર્ડ તપાસતાં તમોએ માંગ્યા મુજબની માહિતી મળી શકે તેમ નથી તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૬–૧૧–૦૯ ના રોજ ના નો જવાબ આપેલ હોવાના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. તેવા આપેલ જવાબ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ જમા કે નાશ અંગેની કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) બી હેઠળ જાહેર સત્તા મંડળ ધરાવતાં નિયંત્રણ હેઠળના દફતરની કક્ષાવાર પત્રકની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં અનુસૂચિ –(૬) હેઠળ પ્રસિધ્ધ કરવાની જોગવાઈ છે. જયારે મિલ્કતનું અસ્તિત્વ હોય ત્યાં સુધી તેની વિગતો દફતરે હોવાનું અનુમાનિત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ કબ્જા રસીદની માહિતિ બાબતે કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં જવાબદારી અને પારદર્શીતા જાળવવાની ભાવનાને અનુલક્ષી અરજદારને સબંધિત મિલ્કતના આનુષાંગિક દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા તથા કબ્જા રસીદની માંગેલ નકલ ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરના નિકાલ કે નાશ કર્યાની આધારભૂત માહિતીની નકલ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (કતારગામઝોન), ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર